## સંક્ષિપ્ત સમાચાર

### આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ સંખેડા ખાતે વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરાયુ



**સંખેડા** : આજરોજ તારીખ 11-9-2026 ના રોજ આર્ટસ અને કોમર્સ કોલેજ સંખેડા ખાતે "આજના યુગમાં શિક્ષણનું મહત્વ" વિષય ઉપર વકૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. સ્પર્ધાની શરૂઆતમાં કોલેજના આચાર્ય ડો. ડી.વી. પટેલ દ્વારા વિષયને અનુરૂપ ઉદબોધન આપવામાં આવ્યું હતું. સ્પર્ધામાં બાર જેટલા વિદ્યાર્થીઓએ સહર્ષ ભાગ લીધો હતો. કાર્યક્રમનું આયોજન અર્થશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ પ્રા. પરેશ એસ. પુરાણી સાહેબ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સફળ સંચાલન ડો. રાકેશ આર. વણકરસાધુ દ્વારા કરવામાં આવ્યું હતું. જ્યારે નિર્ણાયક તરીકે પ્રા. નીલાબેન સોલંકી અને ડો. કનુભાઈ પરમારે સેવા આપી હતી.

### છોટાઉદેપુરમાં 16મા નાણાપંચની ગ્રાન્ટમાં સરપંચોની જીત, સરકારનો નવો પરિપત્ર

**છોટાઉદેપુર** : છોટાઉદેપુર જિલ્લાના નસવાડી, બોડેલી, સંખેડા, ક્વાંટ, કદવાલ, પાવી જેતપુર, છોટાઉદેપુર સહિત સમગ્ર જિલ્લાના સરપંચોના વિરોધ બાદ 16મા નાણાપંચની ગ્રાન્ટના કામો અંગે સરકારે નવો પરિપત્ર બહાર પાડ્યો છે. અગાઉ તાલુકા અને જિલ્લા કક્ષાની ગ્રાન્ટમાંથી રૂ.6 લાખથી વધુના કામો ટેન્ડર પ્રક્રિયા મારફતે કરાવવાના નિર્ણય સામે રાજ્યભરના સરપંચોમાં નારાજગી જોવા મળી હતી. છોટાઉદેપુર જિલ્લામાં પણ અંદાજે 300 જેટલી ગ્રામ પંચાયતોના સરપંચોએ વિવિધ સ્તરે રજૂઆતો કરી વિરોધ નોંધાવ્યો હતો.સરપંચોનો મુખ્ય વિરોધ એ હતો કે નાણાપંચની ગ્રાન્ટમાંથી સ્થાનિક જરૂરિયાત મુજબ વિકાસ કામોનું આયોજન કરવામાં ચૂંટાયેલી પંચાયતી રાજ સંસ્થાઓની ભૂમિકા જળવાઈ રહેવી જોઈએ. વિરોધ બાદ સરકારે અગાઉના નિર્ણયમાં ફેરફાર કરી નવો પરિપત્ર બહાર પાડ્યો છે. નવા પરિપત્ર મુજબ તાલુકા પંચાયતની બોડી તેમજ જિલ્લા પંચાયતની બોડી ટેન્ડર પ્રક્રિયા વગરના કામોને પણ નાણાપંચના આયોજનમાં સમાવી શકશે. આ નિર્ણયથી સરપંચો, તાલુકા પંચાયતના સદસ્યો અને જિલ્લા પંચાયતની બોડીને મોટી રાહત મળી હોવાનો દાવો થઈ રહ્યો છે. છોટાઉદેપુર જિલ્લામાં નાણાપંચની ગ્રાન્ટ હેઠળ દર વર્ષે કરોડો રૂપિયાના વિકાસ કામો થાય છે. સરકારના આ નિર્ણયને સરપંચોના વિરોધની જીત તરીકે જોવામાં આવી રહ્યો છે.

### કરજણ તાલુકાના ઓસ્લામ ગામે સેવાસેતુ કાર્યક્રમ યોજાયો જિલ્લા પંચાયત પ્રમુખ રહ્યા ઉપસ્થિત




**કરજણ** : ગુજરાત સરકાર દ્વારા ગામડાના છેવાડાના માનવી સુધી સરકારી યોજનાનો લાભ એકજ સ્થળ ઉપરથી મળી રહેના ઉદ્દેશ સાથે સેવાસેતુ કાર્યક્રમ નિર્ધારિત કરવામાં આવ્યો છે. જે અંતર્ગત સમગ્ર રાજ્યમાં હાલમાં સેવાસેતુ કાર્યક્રમ યોજાઈ રહ્યા છે ત્યારે આજરોજ કરજણ તાલુકાના ઓસ્લામ ગામ ખાતે જિલ્લા પંચાયત પ્રમુખ જ્યોત્સના બેન રબારીની ઉપસ્થિતિમાં સેવાસેતુ કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. જેમાં આજુબાજુના ગામના લોકોએ મોટી સંખિયામાં ઉપસ્થિત રહી સેવાસેતુ કાર્યક્રમમાં ભાગ લઈ સરકારની વિવિધ યોજનાઓનો લાભ લીધો હતો. સાથે સાથે તાલુકાના વતની એવા જિલ્લા પંચાયત પ્રમુખે કરજણ તાલુકા સેવાસદન અને તાલુકા પંચાયત કચેરી ખાતે શુભેચ્છા મુલાકત લીધી હતી. તાલુકા પંચાયત કચેરી ખાતે જિલ્લા પ્રમુખનું ઉમેડકા ભેર તાલુકા વિકાસ અધિકારી કારોબારી ચેરમેન તેમજ સભ્યો કાર્યકરો અને અધિકારીઓ દ્વારા તેઓનું ફુલહાર પહેરાવી સ્વાગત કરવામાં આવ્યું હતું.

### રાણીયા પ્રાથમિક શાળામાં શતાબ્દી મહોત્સવની ભવ્ય ઉજવણી



**વડોદરા** : વડોદરા જિલ્લાના સાવલી તાલુકાના ભાદરવા સી.આર.સી. અંતર્ગત આવેલી રાણીયા પ્રાથમિક શાળાએ ૧૦૦ વર્ષ પૂર્ણ કરતાં શાળાના શતાબ્દી મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. સમગ્ર ગ્રામજનો, શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, ભૂતપૂર્વ શિક્ષકો, સ્કૂલ મેનેજમેન્ટ કમિટી તથા રાણીયા ગ્રામ પંચાયતના સહયોગથી યોજાયેલા આ કાર્યક્રમમાં શાળાની ગૌરવવંતી શૈક્ષણિક સફરને સ્મરણ કરવામાં આવી હતી. શતાબ્દી મહોત્સવ અંતર્ગત વિદ્યાર્થીઓ દ્વારા પ્રાર્થના, સ્વાગત ગીત, ગરબો, નાનું નાટક સહિત વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓ દ્વારા શાળાના પ્રતિભાવો અને શૈક્ષણિક પ્રવૃત્તિઓનું પણ સુંદર નિદર્શન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા શાળાના મુખ્ય શિક્ષકના માર્ગદર્શન હેઠળ છેલ્લા દસ દિવસથી વિવિધ સમિતિઓની રચના કરી આયોજનબદ્ધ રીતે કામગીરી હાથ ધરવામાં આવી હતી. રાણીયા પ્રાથમિક શાળા ધોરણ ૧થી ૮ સુધીની શાળા છે, જેમાં ૨૭૫થી વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. સ્કૂલ ઓફ એક્સલન્સ અંતર્ગત શાળામાં લર્નિંગ લેબ, કોમ્પ્યુટર લેબ, વાચનાલય સહિતની વિવિધ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

### સ્વામીજી સાવલીવાળાની ૩૫ મી પુણ્યતિથિની ભવ્ય ઉજવણી



**સાવલી** : શ્રાવણ માસનો અંતિમ દિવસ એટલે પિઠોરી અમાસ. આ પવિત્ર દિવસે વિશ્વવિખ્યાત સંત શિરોમણી સ્વામીજી સાવલીવાળાની ૩૫મી પુણ્યતિથિ નિમિત્તે ભક્તિ પર્વની ભવ્ય ઉજવણી ભીમનાથ મહાદેવ મંદિર ખાતે અત્યંત શ્રદ્ધા અને ભક્તિભાવપૂર્ણ વાતાવરણમાં કરવામાં આવી હતી. 'સત્ય સંકલ્પનો દાતા ભગવાન' અને 'સુખ ચાહો તો સુખ દો' જેવા અમર સંદેશો આપનાર સ્વામીજી સાવલીવાળાની પુણ્યતિથિ નિમિત્તે યોજાયેલા વિવિધ ધાર્મિક અને ભક્તિમય કાર્યક્રમોમાં દેશ વિદેશ તથા સમગ્ર સાવલી પંથકમાંથી મોટી સંખ્યામાં સ્વામીભક્તો ઉમટી પડ્યા હતા. પુણ્યતિથિના કાર્યક્રમોનો પ્રારંભ સ્વામીજી દ્વારા નિર્મિત યંત્ર આધારિત સાચી અંબા માતાજીના મંદિરે વહેલી સવારે નવચંડી યાગ સાથે થયો હતો. સાંજે ૫ વાગ્યે શ્રીફળ હોમી યજ્ઞકર્મની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી. ત્યારબાદ વર્ષોની પરંપરા મુજબ સ્વામીજીની પાદુકાની ભવ્ય શોભાયાત્રા યોજાઈ હતી. શોભાયાત્રામાં ઉત્સાહપૂર્વક જોડાવા માટે અબાલવૃદ્ધ સૌ ભક્તજનો તથા ગ્રામજનો સાંજે ૪ વાગ્યે જમનોત્રી બંગલે મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા.

સેનેટરી ચેરમેન પ્રકાશભાઈ વસાવા સુપરવાઈઝર સાથે સરપ્રાઈઝ તપાસે નીકળ્યા

# ડભોઈમાં જાહેરમાં કચરો નાખતા લારી ગલ્લા ધારકોને દંડ ફટકારાયો

**પ્લાસ્ટિકના કપ** સહિતનો કચરો જાહેરમાં નાખતા વેપારીઓ સામે દંડાત્મક કાર્યવાહી, સ્વચ્છતા જાળવવા સૂચના

(પ્રતિનિધિ) ડભોઈ, તા.11

ડભોઈ નગર પાલિકા ના સેનેટરી ચેરમેન સુપરવાઈઝર સાથે જાહેર માં ગંદકી કરનારા ઈસમો ની સરપ્રાઈઝ તપાસ માટે નીકળ્યા હતા. તેવામાં પાણીપુરી ની લારી કરતા ઈસમો, પ્લાસ્ટિક ના કપ અને અન્ય કચરો જાહેર માં નાખી ગંદકી કરતા રંગે હાથ ઝડપાયા હતા.જેથી દંડ ની પાવતી આપી સ્વચ્છતા બાબતે સૂચન કરી સબક શીખવાડયો હતો.





ડભોઈ નગરના જાહેર માર્ગો પર વેપારીઓ ધ્વારા કચરો નાખતા અને ખાણીપીણી ની દુકાનો, લારી ગલ્લા કરતા વેપારીઓ ધ્વારા પણ ગંદકી કરતી હોવાની બૂમો ઉઠવા પામી છે. આ અંગે ડભોઇ ના વેપારીઓ ધ્વારા સ્વચ્છતા જાળવવા માટે સાથી વેપારીઓને સોશિયલ મીડિયા મારફતે અપીલ પણ કરાઈ હતી. છતાં પણ સાંજ પડે દુકાનો બંધ કરવાના સમયે નગર ના જાહેરમાર્ગો પર, જાહેર જગ્યાઓ પર દિવસભરનો કચરો નાખી ગંદકી કરાતી હોય છે. તેમજ ખાણીપીણી નું વેસ્ટેજ, પ્લાસ્ટિક ના ઝભલા થી કચરા ના ઢગ થઈ રહ્યા છે. નગર માં વ્યાપેલી પારાવાર ગંદકી અને ઉભરતી ગટરો ની નર્કાગાર પરિસ્થિતિ ને લઈ સ્વછતા બાબતે ગાંધીનગર થી આવેલી ટીમે પણ તપાસ રિપોર્ટ સોંપતા પાલિકા ને નોટિસ મળી હતી. જેથી સેનેટરી સમિતિ ના ચેરમેન પ્રકાશભાઈ વસાવા એ પોતાના કર્મચારી ને સુપરવિઝન માટે સાથે લઈ જાય નિરીક્ષણ કર્યું હતું. જેમાં લારી ગલ્લા ધારકો ને કચરો નાખતા જોઈ ચાર વેપારીઓ ને દંડ ફટકાર્યો હતો.

# સોમજીપુરા પંચાયતમાં ગટરલાઈનનું કામ કર્યા વિના રૂ.૩.૨૫ લાખની ચુકવણીની ફરિયાદ

**સરકારી** નાણાંની ગેરરીતિ અને તપાસમાં વિલંબ અંગે વડાપ્રધાનને રજૂઆત

(પ્રતિનિધિ) પાદરા, તા. 11

પાદરા તાલુકાના સોમજીપુરા ગ્રામ પંચાયતના ધોરાવ ગામ વિસ્તારમાં ગટરલાઈનનું કામ કર્યા વગર સરકારી નાણાંની ચુકવણી કરવામાં આવી હોવાના આક્ષેપ સાથે સમગ્ર મામલે નિષ્પક્ષ અને ઉચ્ચસ્તરીય તપાસની માંગ ઉઠી છે.

સોમજીપુરા ગામના રહેવાસી વાઘેલા નગીનભાઈ રામજીભાઈ દ્વારા વડાપ્રધાન, પ્રધાનમંત્રી કાર્યાલય, નવી દિલ્હી સમક્ષ કરાયેલી રજૂઆતમાં જણાવ્યા મુજબ ધોરાવ ગામ વિસ્તારમાં રમણભાઈ મંગળભાઈ પઢિયારના ઘરથી મહેશભાઈ ડાહ્યાભાઈ માળીના ઘર તરફ તેમજ દિનેશભાઈના ઘરથી વાદરી તળાવ સુધી ગટરલાઈનનું કામ અંદાજિત રૂ.3.25 લાખના ખર્ચે મંજૂર કરવામાં આવ્યુ હતું.

રજૂઆત મુજબ આ કામને તા.01/03/2026ના વહીવટી મંજૂરી હુકમ તથા તા.02/10/2025ના ગ્રામ પંચાયતના ઠરાવના આધારે હાથ ધરવાનું હતું. જોકે ફરિયાદીના આક્ષેપ મુજબ સ્થળ પર ગટરલાઈનનું કામ થયું નથી અથવા અધૂરું છે, તેમ છતાં વિવિધ તારીખે સરકારી નાણાંની ચુકવણી કરવામાં આવી છે.

ફરિયાદમાં તા.01/06/2026ના રોજ રૂ.3,250, રૂ.2,04,955, રૂ.78,985, રૂ.4,183 અને રૂ.1,127 તેમજ તા.02/06/2026ના રોજ રૂ.32,500ની ચુકવણી થયાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

ગ્રામજનોને પાલતુ પશુઓને પણ હડકવા વિરોધી રસી અપાવવા અપીલ

# સંખેડામાં હડકવાથી ૭ ગાયોના મોત બાદ પંચાયત હરકતમાં, ૫૦ થી વધુ ગાયોને રસી અપાઈ

**રખડતી** ગાયોમાં હડકવો ફેલાવાની ભીતિ વચ્ચે પશુ દવાખાનાના ડોક્ટરોના સહયોગથી વેક્સિનેશન ડ્રાઈવ

(પ્રતિનિધિ) સંખેડા, તા.11

સંખેડા ગામમાં થોડા દિવસ અગાઉ હડકવા (રેબીઝ) ના કારણે 7 જેટલી રખડતી ગાયોના મોત થયા હતા. ગામમાં એકસાથે ગાયોના મોત થતા ગ્રામજનોમાં ભારે ચિંતા અને ફફડાટ ફેલાયો હતો. રખડતા પશુઓમાં હડકવો ફેલાવાના ભયને ધ્યાને લઈ આખરે આજે ગ્રામ પંચાયત



હરકતમાં આવી છે.

સંખેડા ગ્રામ પંચાયત દ્વારા સંખેડા પશુ દવાખાનાના ડોક્ટરોના સહયોગથી આજે સવારથી જ વેક્સિનેશન ડ્રાઈવ હાથ ધરવામાં આવી હતી. પંચાયતની ટીમ દ્વારા ગામની ગલીએ ગલીએ, બજાર વિસ્તાર અને ચોક વિસ્તારમાં ફરી રહેલી 50થી વધુ રખડતી ગાયોને પકડીને હડકવા વિરોધી રસી આપવામાં આવી હતી.

આ અંગે સંખેડા તાલુકા પંચાયતના સરપંચ નીતિનભાઈ શાહ અને પૂર્વ ડેપ્યુટી સરપંચ પ્રકાશભાઈ વસાવાએ જણાવ્યું હતું કે, "ગામમાં રખડતી ગાયોના મોત બાદ અન્ય પશુઓ અને માણસોમાં પણ હડકવો ન ફેલાય તે માટે તકેદારીના ભાગરૂપે આ વેક્સિનેશન કરવામાં આવ્યું છે. આગામી દિવસોમાં પણ આ કામગીરી ચાલુ રાખવામાં આવશે અને લોકોને પણ પોતાના પાલતુ પશુઓને રસી અપાવવા અપીલ કરીએ છીએ." ગ્રામ પંચાયતની આ કામગીરીને ગ્રામજનો દ્વારા આવકારવામાં આવી છે.

# ડભોઈમાં રાત્રીના બજાર બંધ કરાવતી પોલીસની સત્તા વિધેયક પસાર થતા જ છીનવાઈ

**ટ્રાફિક,** સ્વચ્છતા અને સલામતીના નિયમોનું પાલન કરવાની શરતે ૨૪ કલાક વેપારની મંજૂરી

(પ્રતિનિધિ) ડભોઈ, તા. 11

ગુજરાત વિધાનસભા માં ચોમાસુસત્ર ના છેલ્લા દિવસે ગુજરાત ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ સુધારા વિધેયક રજૂ ગૃહ માં પસાર થઈ ગયું. એ સાથે હવે નગર પાલિકા વિસ્તાર માં પણ 24 કલાક સુધી રેલ્વે,એસ.ટી.ડેપો, પેટ્રોલપંપ,મોલ સહિત દુકાનો ખુલ્લી રાખવાની મંજૂરી મળી ગઈ છે. જેથી હવે પોલીસ કે અન્ય કોઈ સ્થાનિક ઓથોરિટી કોઈપણ રીતે બંધ કરવી શકશે નહીં.વિધેયક પસાર થતા જ ડભોઇ ના લોકો માં આનંદ ની લાગણી વ્યાપી જવા પામી છે.

અંગ્રેજ અમલદારો ને પણ શરમાવે તે રીતે ડભોઇ માં રાત્રી ના 11 ના ટકોરે પોલીસ બજાર બંધ કરાવી દેતી હતી. એટલુંજ નહીં પોલીસ અધિકારીઓ પોલીસ જીપ સાથે પોલીસ ની મોટી કુમક અને GRD ના જવાનો ની બાઇક રેલી સાથે મોટી ફોજ નીકળી પડતી હતી. અને લોકો માં રીતસર ડર ઉભો કરી દીધો હતો.પોલીસ ના ઝપટે મોટર સાયકલ ચાલક કે અન્ય કોઈ વાહન ચાલક ચડી જાય તો તેને રૂપિયા 2500 થી 7000 સુધી ના દંડ ની વસૂલાત થાય ત્યાં સુધી નો મેમો પણ અપાતો હતો. ઓટલા બેઠકો ખાલી થઈ જતી. ચા ની કીટલીઓ,દુકાનો,મોલ,ટૉકીઝ અને પેટ્રોલપંપ પણ સુના થઈ જતા હતા.ત્યારે રાજ્ય સરકારે ગુજરાત વિધાનસભા ના ચોમાસુ સત્ર ના છેલ્લા દિવસે ગુજરાત ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ સુધારા વિધેયક ગૃહ માં પસાર કરી દીધો હતો.

# સાધલીના સેવા સેતુમાં લાભાર્થીઓને ધક્કા, અરજદારોમાં રોષ

(પ્રતિનિધિ) શિનોર, તા. 11

શિનોર તાલુકાના સાધલીમાં દિવેર, મીઢોળ, માંજરોલ, તેરસા અને સાધલી ગામના લાભાર્થીઓ માટે સેવા સેતુ યોજાયો હતો. જાતિના દાખલા, આધાર સુધારા અને આયુષ્યમાન કાર્ડ માટે અરજદારોને જરૂરી કામગીરી ન થતાં શિનોર આવવા જણાવાયું હતું. નાયબ કલેક્ટરના આદેશ મુજબ સવારે 8 વાગ્યે હાજરી હોવા છતાં 9 વાગ્યા સુધી કર્મચારીઓ પહોંચ્યા નહોતા અને 10 વાગ્યા બાદ કામગીરી શરૂ થઈ હતી. કાર્યક્રમમાં મામલતદાર મુકેશભાઈ બારીયા તથા ઈન્ચાર્જ સરપંચ સંકેત પટેલે દીપ પ્રાગટ્ય કર્યું હતું. આશરે 450 બાળકોના ભણતર પર પણ અસર પડી હોવાનો આક્ષેપ છે. મોટાભાગના લાભાર્થીઓને સેવાઓ ન મળતાં ભારે નારાજગી જોવા મળી હતી.

# શિનોરમાં રહેણાંક વિસ્તારમાં દીપડો ઘૂસી આવતા ફફડાટ

(પ્રતિનિધિ) શિનોર, તા. 11

શિનોર તાલુકામાં છેલ્લા કેટલાક સમયથી દીપડાની અવરજવર વચ્ચે હવે નગરના રહેણાંક વિસ્તારમાં દીપડો આવી પહોંચતાં સ્થાનિકોમાં ભયનો માહોલ સર્જાયો છે. ગોલવાડ નજીક માછીવાડના કોતરમાં ભૂંડનો પીછો કરતા દીપડો રહેણાંક વિસ્તારમાં આવી ચઢ્યો હતો. દરમિયાન એક મહિલાની નજર દીપડા પર પડતાં તેણે બૂમાબૂમ કરી હતી. અવાજ સાંભળી આસપાસના રહીશો એકત્ર થયા અને હાકલા-પડકારા કરતાં દીપડો ભાગી ગયો હતો. ઘટનાથી ખાસ કરીને બાળકો, વૃદ્ધો અને પશુપાલકોમાં ફફડાટ છે. અગાઉ પણ માલસર-શિનોર-સુરાશામળ-સાધલી માર્ગે દીપડાની જોડી દેખાઈ હતી. સ્થાનિકોએ વનવિભાગ પાસે તાત્કાલિક કાર્યવાહી કરવાની માંગ કરી છે.

# ડભોઈ પાલિકાની ૨.૯૦ લાખની પાણીની ટાંકી શોભાના ગાંઠિયા સમાન પુરવાર થઈ

**પાણી** પ્રશ્ને તંત્ર નહીં જાગે તો નગરપાલિકા સામે મોરચા અને માટલા ફોડવાની ચીમકી

(પ્રતિનિધિ) ડભોઇ, તા. 11

ડભોઈ નગરપાલિકા ના ગત બોર્ડ ના કેટલાક વિકાસ ના કામો ની સરાહના થાય છે પણ પાણી જેવી જરૂરિયાત મોતી બાગ પાણી ની ટાંકી ૨.૯૦ લાખ ની બની હોવા છતાંય નગરજનો બે ટાઈમ પાણી માટે વલખા મારી રહ્યા છે.

ડભોઈ નગરપાલિકા મા સતા પરિવર્તન બાદ પણ પરિસ્થિતિ જૈસે થે જેવી જોવા મળે છેટ સરકારની અમૃત યોજના ૨.૦ મા બનેલ ૨૦ મીટર ઉંચી અને દશલાખ લીટર ની પાણી ની ટાંકી નુ ગત નવેમ્બર ડિસેમ્બર મા લોકાર્પણ થયેલ અને



નગરજનો ને બે ટાઈમ પાણી મળશે ની આશા સેવાઈ જેમા પ્રથમ ગ્રાસે મક્ષિકા જેવો ઘાટ સર્જાયો અને નગરજનો બે ટાઈમ પીવા ના પાણી થી વંચિત રહ્યા હાલ જે ટાંકી કાર્યરત છે જેને લઈ મહુડી ભાગોળ, ચમારવાસ, વોરવાડ, મારવાડી વાસ, રેલ્વે નવાપુરા, મિલ્લતનગરજેવા વિસ્તારમાં સવારે દશ વાગ્યે પાણી આપવામાં આવે છે આ વિસ્તારની પ્રજા મોટા ભાગે મહેનતકશ હોય એ વિસ્તાર મા પાણી નો સમય સાચવી ન સકતા હોય આ વિસ્તાર ના લોકો ને સવારે સાત વાગ્યે પાણી આપવામાં આવે તો પાણી અને વેપારધંધા અને મજુરી સચવાય.

પોલીસ સૂચનાનો ભંગ કરનાર સંદીપ પઢીયાર સામે કાર્યવાહી

# પાદરામાં ગણેશ યાત્રામાં ઉશ્કેરણીજનક ગીત, ડીજે સંચાલક સામે કાર્યવાહી

**ધમકીભર્યા** ગીત મામલે ડીજે સંચાલક સામે કાયદેસરની કાર્યવાહી

(પ્રતિનિધિ) પાદરા, તા.11

આરટીઓ મેમો અપાયો. પાદરા શહેરમાં ગણેશજીની આગમન યાત્રા દરમિયાન પાદરા જકાતનાકા પાસે ઉશ્કેરણીજનક અને ધમકીભર્યું ગીત વગાડવાની ઘટના સામે આવતાં પાદરા પોલીસે માહી ડીજે સાઉન્ડના સંચાલક સંદીપ પઢીયાર સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ ગણેશ આગમન યાત્રા દરમિયાન પાદરા જકાતનાકા પાસે માહી ડીજે સાઉન્ડ દ્વારા "માપમાં રહીને બોલજે, ઘરમાંથી કાઢીને મારીશ તને તો" જેવા ધમકીભર્યા શબ્દો ધરાવતું ગીત વગાડવામાં આવ્યું હતું. જાહેર તહેવાર દરમિયાન આવા ગીતથી વાતાવરણ ડહોળાય તેવી શક્યતા હોવાથી પોલીસે આ બાબતને ગંભીરતાથી લીધી હતી.

ઉલ્લેખનીય છે કે ગણેશોત્સવને લઈને બે દિવસ અગાઉ જિલ્લા પોલીસ વડા સુશીલ અગ્રવાલની અધ્યક્ષતામાં પ્રમુખ સ્વામી ટાઉન હોલ ખાતે ગણેશ મંડળોના આયોજકો તથા ડીજે સંચાલકોની બેઠક યોજાઈ હતી. જેમાં જાહેર કાર્યક્રમો દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ ઉશ્કેરણીજનક, ધમકીભર્યા કે વિવાદાસ્પદ ગીતો નહી વગાડવા અંગે સ્પષ્ટ સૂચનાઓ આપવામાં આવી હતી.

આમ, પોલીસની સૂચના હોવા છતાં આગમન યાત્રા દરમિયાન આ પ્રકારનું ગીત વગાડવામાં આવતા પાદરા પી.આઈ. પી.વી. ગોહિલે સમગ્ર મામલે કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસ દ્વારા ડીજે સંચાલકને આરટીઓ મેમો આપવામાં આવ્યો હતો. ત્યારબાદ પોલીસે કાર્યવાહી આગળ ધપાવી લુણા ગામ ખાતે સંચાલક સંદીપ પઢીયારના ઘરેથી ડીજે સાઉન્ડનો સામાન જપ્ત કર્યો હોવાનું જાણવા મળ્યું છે.

છેલ્લા દસ દિવસમાં ચાર સફળ રેડ થી સ્થનિક તંત્ર પર ઉઠતા અનેક સવાલો

# FS વડોદરા રેન્જનો સપાટો : તેજગઢ-દેવળીયામાં એકસાથે દરોડા, ૭ ડમ્પર અને ૩ મશીન ઝડપાયા

(પ્રતિનિધિ) બોડેલી, તા.11

છોટાઉદેપુર જિલ્લામાં વડોદરા ફ્લાઈંગ સ્ક્વોડના મદદનીશ નિયામકશ્રી દિનેશ એન પવાયાની સૂચના અને માર્ગદર્શન હેઠળ ફ્લાઈંગ સ્ક્વોડ વડોદરાની ટીમ દ્વારા તેજગઢ તથા દેવળીયા ગામના ઓરસંગ નદીપટ્ટ વિસ્તારમાં સઘન તપાસ હાથ ધરવામાં આવી હતી.

તપાસ દરમિયાન તેજગઢના ઓરસંગ નદીપટ્ટ વિસ્તારમાં સાદી રેતી ખનીજનું ગેરકાયદે ખનન તથા વહન કરતા ૨ ડમ્પર અને ૨ એક્સકેવેટર મશીન ઝડપી પડ્યા, જ્યારે આટલામાં સંતોષ ના માણી ફ્લાઈંગ સ્ક્વોડ વડોદરાની ટીમ આગળ વધુ તપાસ હાથ ધરતા દેવળીયા ગામના ઓરસંગ નદીપટ્ટ વિસ્તારમાં ગેરકાયદે



ખનન-વહન કરતા ૫ ડમ્પર અને ૧ એક્સકેવેટર મશીન ઝડપી પાડવામાં આવ્યા હતા. જે એક નોંધપાત્ર અને સરાણનીય કામગીરી છે. આમ, બંને સ્થળેથી મળીને કુલ ૭ ડમ્પર અને ૩ એક્સકેવેટર મળી કુલ ૧૦ વાહન/મશીનરી જપ્ત કરવામાં આવ્યા છે.જે અંદાજિત 3 કરોડ જેટલો મુદ્દા માલ કબ્જે લેવાયો છે.

જ્યારે સમગ્ર મામલે હાલ છોટાઉદેપુર જિલ્લામાં વડોદરા રેન્જના દિનેશ એન પવાયા તથા તેમના માર્ગદર્શન હેઠળ ચાલતી તેમની ટીમના રોયલ્ટી ઈન્સ્પેક્ટર અંકિત પરમાર, માઈન્સ સુપરવાઈઝર હર્ષદ પ્રજાપતિ, સર્વેયર જય ચૌધરી મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યા છે અને છોટાઉદેપુર જિલ્લામાં તેમની સરાહનીય કામગીરી ખૂબ જ ચર્ચાઈ રહી છે જેને લઇ ગેરકાયદેસર રેતી ખનન કરનારા રેતી માફિયાઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

અતિ મહત્વની વાત એ છે કે ફ્લાઈંગ સ્ક્વોડ દ્વારા છેલ્લા દસ દિવસમાં ત્રણ વખત સફળ રેડ પાડી છે જેમાં પ્રથમ રેડમાં પાંચ ડમ્પર એક મશીન ઝડપી પાડી અંદાજે ૨ કરોડ નો મુદ્દા માલ જપ્ત કર્યો હતો.

# મિયાગામ કેનાલ ગેટ પાસેના સરકારી ક્વાર્ટર્સ ખંડેર બન્યા

**કરોડો** રૂપિયાની નર્મદા નિગમની મિલકત સંખેડા તાલુકામાં ધૂળ ખાતી હાલતમાં

(પ્રતિનિધિ) સંખેડા, તા. 11

સંખેડા તાલુકામાંથી પસાર થતી મિયાગામ બ્રાન્ચ કેનાલના ગેટ ઉપર બનેલા મકાનો જર્જરિત હાલતમાં જોવા મળી રહ્યા છે, ત્યારે તંત્રની બેદરકારી સામે સવાલો ઉઠી રહ્યા છે. પ્રાપ્ત વિગત મુજબ, મિયાગામ બ્રાન્ચ કેનાલના ગેટ દ્વારા પાણીનું લેવલ જાળવવાનું હોય છે. આ ગેટની બિલકુલ બાજુમાં જ નર્મદા નિગમ દ્વારા કર્મચારીઓ માટે ક્વાર્ટર્સ બનાવવામાં આવ્યા છે. આ ક્વાર્ટરોની કાળજી નર્મદા નિગમ દ્વારા લેવાતી નથી. ચારેય બાજુ ઝાડી-ઝાંખરા, દરવાજા-બારી ગાયબ હાલ આ મકાનોની હાલત



એટલી ખરાબ છે કે ચારેય બાજુ ઝાડી-ઝાંખરા ઉગી નીકળ્યા છે, દિવાલો તૂટી ગયેલી છે, બારી-બારણા, લાઈટો પણ દેખાતી નથી.

આવી કરોડો રૂપિયાની નર્મદા નિગમની મિલકત સંખેડા તાલુકામાં ધૂળ ખાતી હાલતમાં છે. જો આ મકાનોનું યોગ્ય સમારકામ કરી ઉપયોગમાં લેવામાં આવે તો સરકારી નાણાનો બગાડ અટકી શકે છે. પરંતુ નર્મદા નિગમના અધિકારીઓ આ બાબતે આંખ આડા કાન કરી રહ્યા હોવાનું લાગી રહ્યું છે. સ્થાનિકોમાં એવી પણ ચર્ચા છે કે આ જર્જરિત મકાનોમાં અસામાજિક તત્વોનો અડ્ડો બની જાય તે પહેલા તંત્ર જાગે તે જરૂરી છે.

# રણુ ગામે વિદેશી દારૂના જથ્થા સાથે બે ઝડપાયા, રૂ.2.81 લાખનો મુદ્દામાલ કબજે

(પ્રતિનિધિ) પાદરા, તા. 11

પાદરા તાલુકાના રણુ ગામમાં મસ્જિદ પાસે આવેલા કસ્બા વિસ્તારમાં વિદેશી દારૂના ગેરકાયદેસર વેચાણ અને સંગ્રહ સામે સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા દરોડો પાડવામાં આવ્યો હતો. રેડ દરમિયાન વિદેશી દારૂ અને બિયરના કુલ 488 નંગ સહિત કુલ રૂ.2,81,319નો મુદ્દામાલ કબજે કરી બે આરોપીઓને ઝડપી પાડવામાં આવ્યા છે. મળતી માહિતી મુજબ ગતરાત્રે રણુ ગામે મસ્જિદ પાસે કસ્બા વિસ્તારમાં આરોપીના રહેણાક મકાનમાં દરોડો પાડવામાં આવ્યો હતો. સ્ટેટ મોનિટરિંગ સેલના અ.હેડ કોન્સ્ટેબલ જયવિજયસિંહ ભગવતસિંહની ફરિયાદના આધારે પાદરા પોલીસ સ્ટેશનમાં પાર્ટ-સી પ્રોહિબિશન એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.